# ॥ ગુરુઆજ્ઞા પાલન : મારો જીવન અનુભવ ॥

~ બિમલભાઈ શેઠ (પિયોરિયા, યુ.એસ.એ.)

"હે જશુભાઈ સાહેબ, તમે સંકલ્પ ન કરો તો તમારી ખોટ અને તે પૂરા ન કરીએ તો અમારી ખોટ" – યોગીબાપાએ સાહેબદાદાને આપેલાં આ અખંડ રાજીપાભર્યાં આશીર્વચન ! અને એવા આપણા સાહેબદાદા, કે જેમના સંકલ્પ સિદ્ધ કરવાને બ્રહ્માંડની તમામ શક્તિઓ ભેળી થઈ જાય– તે ગુરુહરિ, જો આપણને આજ્ઞા આપે તો ? ધારે તો તે કોઈને પણ નિમિત્ત બનાવી, પ્રભુપ્રેરણારૂપી તેમનું કાર્ય કરાવી શકે છે, પણ પ્રભુકૃપા કે જેવા છીએ તેવા આપણને સ્વીકારી, તે માટે નિમિત્ત બનાવે છે. તેમાંયે આપણે તો માત્ર એક જ ડગ ભરવાનું છે, બાકીનાં ૯૯ તો તેઓ જ દોડીને આવે છે ને ! સંકલ્પના પ્રણેતા પણ ગુરુ અને તે સંકલ્પસિદ્ધિના બળપ્રેરક પણ તેઓ જ, આપણે તો માત્ર તેઓની મરજીમાં ભળવાનું જ છે. અને ગુરુ જ્યારે આજ્ઞા આપે ત્યારે 'આજ્ઞા ભેળી મૂર્તિ' તે માટેની પ્રાર્થનાનું બળ પણ તેઓ જ પૂરું પાડે છે. આમેય આપણને આજ્ઞા આપવામાં ગુરુનો પોતાનો ક્યાં કોઈ નિજિ સ્વાર્થ હોય છે ? તેઓ તો આપણા આત્માના ઉત્થાન માટે, આપણા જીવની પાત્રતા ઘડવાને, આપણા અંતઃકરણને ઊજળું કરી પ્રભુચરણે ધરવાને; જોવા જઈએ તો ગુરુ જ્યારે આજ્ઞા આપે ત્યારે જ ગુરુએ આપણને પોતાના ગણી શિષ્યરૂપે સ્વીકાર્યા.

આમ તો લગભગ ૨૦૦૮થી સદ્‌ગુરુ સાધુ પૂ. શાંતિદાદા અમારા જીવનમાં આવ્યા અને એમના અવિરત પ્રેમને લીધે જીવનમાં અને જીવમાં ક્યારે સત્સંગ અને ગુણાતીત સત્પુરુષ બેસી ગયા તેની તો ખબર જ ના પડી ! અને અમારા આખાય પરિવારને નાની–મોટી કાંઈક કેટલીયે આજ્ઞા આપી. સંતપ્રીતિ તો એવી બંધાવા લાગી હતી કે તે આજ્ઞાઓ દાદાની જ પ્રાર્થનાના બળે પાળવાનું તાન પણ વધતું રહ્યું.

૨૦૧૫નો એ સમય કે જ્યારે પૂ. શાંતિદાદાએ સહેજમાં જ તિલક-ચાંદલો કરવાની આજ્ઞા આપી અને બીજા દિવસની પૂજામાં દાદાએ સ્વહસ્તે જ ભાલે તિલક–ચાંદલો કરી આપ્યો. છતાંયે પ્રશ્ન તો મનમાં હતો જ કે, 'મૉર્ગન સ્ટેન્લી' જેવી અમૅરિકાની મોટી ઇન્વેસ્ટમૅન્ટ કંપનીમાં રોજ જઈએ અને આમ તિલક–ચાંદલો કરીને જવાનું ? પણ મનમાં મારા એ પ્રશ્ન સાથે પ્રાર્થનાનું બળ પણ દાદાનું જ હતું એટલે તિલક–ચાંદલો કરીને કંપનીમાં પહોંચ્યા. શરૂઆતના ત્રણ દિવસ તો આછો–પાતળો તિલક–ચાંદલો કે જે ભાલ પર બહુ દેખાય નહીં એ રીતે કર્યો, પણ કંપનીના જ એક અમૅરિકન સહકર્મચારીએ પ્રશ્ન પૂછ્યો કે, 'કપાળ પર આ શું છે ?' ત્યારે ગુરુઆજ્ઞા વિશે વાત થઈ અને ત્યારે મારા એ સહકર્મચારીએ સામો પ્રશ્ન કર્યો કે, 'તો આ વચ્ચે જે ચાંદલો છે તે લાલ રંગનો ન હોવો જોઈએ ?' હવે એ સહકર્મચારીમાંથી ભગવાન જ બોલ્યા તે સમજાઈ ગયું અને બીજા દિવસથી ખુમારીભર્યો તિલક–ચાંદલો કરીને કંપનીમાં જવાનું શરૂ થઈ ગયું. જેને જે કહેવું હોય તે કહે, ભગત કહે તો ભગત પણ આપણે તો ગુરુઆજ્ઞા પાળી જ લેવી છે. પ્રસંગો તો એ પછી પણ તિલક–ચાંદલાને લઈને ઘણા થયા.

એક વખત મોગરીની સભામાં મારી બરાબર આગળ સાધુ પૂ. મનોજદાસજી બિરાજમાન હતા અને સ્ટૅજ ઉપરથી સંતભગવંત સાહેબદાદા પૂ. મનોજદાસજીના જીવનમહિમાની વાત કરી રહ્યા હતા, તે સાથે જ પૂ. મનોજદાસજી 'સ્વામિનારાયણ સ્વામિનારાયણ...' મંત્રજાપ કરી રહ્યા હતા કે, જાણે–અજાણે સંતભગવંત સાહેબદાદાના તે માનભર્યા શબ્દો પોતાના મનમાં ઘર ન કરી જાય. પૂ. મનોજદાસજીના દાસત્વભર્યા જીવનનો તે પ્રસંગ મન–સ્મૃતિમાં કંડારાઈ ગયો. અને જ્યારે અહીં અમૅરિકાના એક મિત્રવર્તુળમાં તિલક–ચાંદલાને જોઈને કોઈકે મજાકથી અપમાન કર્યું. અને તે અનુભવાયું, જાગ્રતતાથી જાણપણું થયું કે, હજી જીવમાં માન તો ભારોભાર છે. ત્યારે 'માન તારા ચરણે, અપમાન તારા ચરણે, અમે રહ્યા પ્રભુ–તારા શરણે'; તે પ્રાર્થના સાથે પૂ. મનોજદાસજીનો આ પ્રસંગ યાદ આવી ગયો અને 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' ધૂન સહજ જ રીતે મનમાં થઈ ગઈ. કદાચ જો જીવનમાં સત્સંગ ન હોત તો એક, બે અને અઢી કરી, ધારદાર પ્રત્યુત્તર પણ વાળ્યો હોત; પણ, ગુરુના રાજીપાનું ધ્યાન અને ગુરુની પ્રાર્થનાના બળે ત્યારે તે પ્રસંગે અનુવૃત્તિ સમજી ખમતાં શિખાયું અને સમતામાં રહી શકાયું.

પ્રાર્થના કરું કે, તિલક કરતી વેળાએ શાંતિદાદાની અનુવૃત્તિ પ્રમાણેનું મર્યાદામય મારું વર્તન રહે, મધ્યમાં ચંદનનો ચાંદલો કરતા સાધુ પૂ. અશ્વિનદાદાના રાજીપા પ્રમાણેની પવિત્ર વિચારધારા રહે અને તે ચંદનના ચાંદલા ઉપર કુમકુમથી ચાંદલો કરતા સાહેબદાદાની જેવી પરાવાણી છે તેવી સંયમિત વાણી રહે; અને આમ, જ વિચાર–વાણી–વર્તન ગુરુસ્મૃતિ સાથે પ્રભુને રાજી કરવાના ભાવ પ્રમાણેનાં રહે તે જાગ્રતતાથી તિલક–ચાંદલાની આજ્ઞા પળાય.

ગુરુઆજ્ઞા – ગુરુવચન એટલે ગુરુનો આપણા પરનો વિશ્વાસ, ગુરુએ શિષ્ય તરીકે કરેલો સ્વીકાર ! અને તે આજ્ઞા, તે સંકલ્પ, કે જે ગુરુની જ પ્રાર્થનાના બળે પરિપૂર્ણ થશે તેવી શિષ્યની ગુરુ પ્રત્યેની શ્રદ્ધા !

૨૦૧૬માં જ્યારે પૂ. શાંતિદાદા પિયોરિયા પધરામણી કરી ત્યારે પ્રભુમૂર્તિ સન્મુખ બે હાથ જોડી વિનવી રહ્યા હોય છે અને અચાનક પ્રભુપ્રેરણાએ તેઓના શ્રીમુખેથી ઉદ્ગાર સરી પડે છે કે, શિકાગો ઍરપૉર્ટ પર કોઈ ઊતરે અને પૂછે કે, આપણું અનુપમ મિશનનું મંદિર ક્યાં ? તો સીધા જ અહીં આવે-તે શાંતિદાદાનો સંકલ્પ વહાલા સાહેબદાદાની કૃપા ને આશીર્વાદથી ૨૦૨૪માં સાકાર થયો.

સંતોની પ્રેરણાથી અને સત્સંગી યુવાશક્તિના પરિશ્રમ થકી મંદિરનિર્માણ થવાની શરૂઆત થઈ અને સાહેબદાદાએ આરસની મૂર્તિ પધરાવવા માટે શાંતિદાદાના પ્રાગટ્યદિને સમૈયાનો સંકલ્પ આજ્ઞારૂપે જ્યારે કહ્યો ત્યારે મન-બુદ્ધિની ગણતરી તો શરૂ થઈ ગઈ કે, ઑગસ્ટમાં શાળાઓ ચાલુ થશે તો કોણ આવશે ? સત્સંગમંડળમાંથી પણ ઘણાનો એ જ પ્રતિભાવ આવ્યો કે, આ દિવસોમાં તો નહીં આવી શકાય. પણ દાદાની આજ્ઞા ૨૭ ઑગસ્ટ પ્રમાણે જ રહી. મંદિરજી મૂર્તિપ્રતિષ્ઠા પૂ. શાંતિદાદાના પ્રાગટ્યદિને થાય તેનાથી વધુ તો કરુણાકૃપા શી હોઈ શકે ?

છતાંયે એક પ્રશ્ન તો મનમાં હતો કે, પિયોરિયા મંડળમાં મુખ્ય છ સત્સંગી પરિવાર હતા અને જેમાંથી પાંચ પરિવાર છેલ્લા દોઢ વર્ષમાં જ પિયોરિયાથી સ્થળાંતર કરીને બીજે રહેવા ગયા છે તો હવે અહીં મંદિરમાં આવશે કોણ ? અને આપણે હમણાં દીકરીના લગ્નપ્રસંગે સ્વદેશ-ભારત જઈશું તો અહીં સેવા કોણ કરશે ? ત્યારે સંતભગવંત સાહેબદાદા મારો હાથ પકડીને 'યોગીપ્રસાદ'માં લઈ જાય છે અને મહારાજની સામે ઈશારો કરી કહે છે કે, 'એમની પર છોડી દો' અને ત્યારે પૂ. મનોજદાસજી પણ પાસે આવીને કહે છે કે, 'આ જ બે શબ્દો - 'છોડી દો' તેને જીવનમાં પકડી લઈએ.' અને સમજાવ્યું કે, 'આ પાંચ પરિવાર કે જેને આધાર માન્યા હતા તે સર્વ આધારને જેમનો આધાર છે તે પ્રાણાધાર મહારાજ સ્વયં મંદિરજીમાં બિરાજવા માટે પધારી રહ્યા છે તો શાની દ્વિધા અને શેનો ડર ? દ્રૌપદીએ પણ જ્યારે બે હાથ જોડી 'હે કૃષ્ણ !' કરી હાક મારી તો પ્રભુ વહારે આવ્યા, તેમ આપણે છોડીશું તો પ્રભુ પકડશે અને આગળનું બધું તેઓ જ ગોઠવશે.' પૂ. અશ્વિનદાદાએ પણ કહ્યું કે, 'તમારે કશું કરવાનું નથી, સંતો અને યુવાનો આવીને બધું જ ગોઠવી દેશે.' અને બન્યું પણ એમ જ. હાથ-પગ હલાવ્યા વગર ક્યાં આ સમૈયો યુવાશક્તિ અને સંતોની પ્રેરણા-પ્રાર્થનાથી થઈ ગયો તે ખબર પણ ન પડી !

વહાલા સાહેબદાદા, અત્યાર સુધી તો ઘરમાં મંદિર હતું અને હવે ઘરને મંદિર બનાવ્યું છે. અને તે સાથે હવે સદાય અમારા હૃદયમંદિરમાં પણ પ્રભુ અખંડ બિરાજે તેવું આ દેહ, જંગમ મંદિર બને અને અમે આપને રાજી કરવાને પ્રભુના કાર્યના વાહક બનીએ તે પ્રાર્થના ! ◆

## સંતભગવંત સાહેબજીને વંદન !

**સં**ધ્યા - ઉષાનો છે ઉજાસ જેમાં
**ત**ત્ત્વ સુમનની પણ સુવાસ જેમાં
**ભ**ગવાન સાથે છે દાસ જેમાં
**ગ**ગનનું રૂપાળું છે હાસ જેમાં
**વં**દનનો આખો ઈતિહાસ જેમાં
**ત**મે-અમેનો છે વાસ જેમાં
**સા**રપનો કાયમ છે પ્રાસ જેમાં
**હે**તે પડેલા છે ચાસ જેમાં
**બ**ધું એ રમે છે ત્યાં રાસ જેમાં
**જી**વન નામથી છે ત્યાં આસ જેમાં
- તેવા **સંતભગવંત સાહેબજી**ને વંદન !

~ ભાસ્કર ભટ્ટ (રાજકોટ)

## સદ્ગુરુ સાધુ પૂ. રતિદાદાના પ્રાગટ્યપર્વે

નામ જેટલો જ અનુરાગ હું જીવનનો રાખું,
વાટ પકડી અક્ષરધામની સંદેહ શેં રાખું.

યોગીના બોલે બંધાયાં હૃદય ભગવાં કરી જાશું,
જશુના કેળવ્યા અમે સૌ જશ લઈ જાશું.

સાથે સાહેબ, ને હૃદયમાં યોગીજીને હું રાખું,
પછી રતિભાર મારાપણાનો મોહ કેમ કરી રાખું.

કૉલેજમાં શિક્ષા ને હૉસ્ટેલમાં 'શિક્ષાપત્રી' હું રાખું,
હવે મારું જ ભવિષ્ય હું કેમ કરી ભાખું.

વરઘોડો કઢાવવા તો સ્હેજમાં પીએચ.ડી. કરી નાખું,
રતિભાર તમને સંદેહ, હું તો જરાય ન રાખું.

ખેતી યોગીની, બાંધકામ ગુણાતીતનું બધાંમાં હાજી... હાજી...
ઊંચકું તપેલાં, ને 'તપેલાં'ને ઠંડાગાર કરી નાખું.

હૃદયમાં આવી થોડી અડચણ હું બાયપાસ કરી નાખું,
ઢીંચણ ક્યા ખેતરનું ખોડીબારું, હું રિપ્લેસ કરી નાખું.

સોંપે એટલું બધું કરવાનું, માળા હું હાથમાં રાખું,
લાવો કોઈ પણ કામ હું અંગૂઠે કમાડ ખોલી નાખું.

~ હિતેશભાઈ વૈષ્ણવ
*(શારદા મંદિર સ્કૂલ, નડિયાદ)*